# વાયડામિત્ર

વર્ષ : ૧૦૩ માર્ચ - ૨૦૨૫ અંક : ૩
*કિંમત રૂા. ૩૦/- (વાર્ષિક)* R.N.I No.: 6316/57










## ચાલો વાયડ...

એપ્રિલ ૧, ૨૦૨૫ - એપ્રિલ ૫, ૨૦૨૫

*With best Compliments From*

# SHREE VAYAD GROUP OF COMPANIES










**Shree Vayad Construction Corporation, Mumbai**

**Shree Samirinandan Projects Pvt.Ltd., Mumbai**

**Shree Vayad Developers, Nasik.**

**Shree Vayad Engineering, Nasik**

**Shivshakti Construction, Amravati**

**Trupti Rajendra Shah**
**Rahul Shah**

**Bipin Shah**
**Geeta Shah**
**Dhaval Shah**

**Jitendra Shah**
**Sunita Shah**

7, Badeshwar Building. Opp. One up Store, Rajawadi, M.G. Road, Ghatkopar (East),
Mumbai 400 077. Tel : +91 22 21027687 E-mail : shreesamirinandan@gmail.com

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ સંચાલિત વૈશ્વિક જ્ઞાતિ સમાચારપત્ર

# વાયડામિત્ર

પ્રકાશન પ્રારંભ વર્ષ સંવત–૧૯૭૭ માસ : મહા – માર્ચ, ઈ.સ. ૧૯૨૧

માર્ચ ૨૦૨૫, પ્રત-૧૦૭૦, વર્ષ-૧૦૩, અંક-૩

## શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ

VAYVASET Connecting mutual strengths

E-mail : vayva95@gmail.com

www.vayvaset.in

### સંચાલક ટ્રસ્ટી મંડળ

| | | |
|---|---|---|
| શ્રી ધીરેનભાઈ કાન્તિલાલ પરીખ | અમદાવાદ | પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી શશાંકભાઈ ઈન્દુલાલ શાહ | અમદાવાદ | પૂર્વ-પ્રમુખ અને ટ્રસ્ટી |
| શ્રી વ્રજેશભાઈ નવીનચંદ્ર પરીખ | અમદાવાદ | માનદ્ મંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી મેહુલભાઈ સુધીરભાઈ શાહ | અમદાવાદ | માનદ્ ખજાનચી, સહમંત્રી અને ટ્રસ્ટી |
| શ્રી કિરણભાઈ સાકરલાલ શાહ | વડોદરા | ટ્રસ્ટી |
| શ્રી શરદભાઈ પુરુષોતમદાસ શાહ | મહેસાણા | ટ્રસ્ટી |
| શ્રી જીતેન્દ્રભાઈ ભોગીલાલ શાહ | મુંબઈ | ટ્રસ્ટી |
| શ્રી કેવલભાઈ રમેન્દ્રભાઈ પરીખ | અમદાવાદ | ટ્રસ્ટી |
| શ્રી હિમાંશુભાઈ ગુણવંતલાલ શાહ | અમદાવાદ | ટ્રસ્ટી |

**માનદ્ તંત્રી : શ્રી નિશીથ અરવિંદભાઈ પરીખ**

ડી–૬૦૨, વિશ્વુધારા ગાર્ડન્સ, ઓફ એસ.જી.હાઈ વે, ગોતા–જગતપુર રોડ, અમદાવાદ – ૩૮૨ ૪૭૦ ફોન નં.: ૯૪૨૮૪ ૬૧૮૨૨ ઈમેઈલ : naparikh7@yahoo.in

**વ્યવસ્થાપક : હર્ષ નિખિલ પરીખ**

૨૧–એ, જય જિનેન્દ્ર ટાવર, અંકુર સ્કૂલની સામેના ખાંચામાં, જૈન મર્ચન્ટ સોસાયટી પાસે, પાલડી, અમદાવાદ – ૩૮૦૦૦૭ Mobile (What's app only) : ૯૪૨૭૯ ૫૪૯૬૮ (સાંજે ૭.૦૦ પછી) ઈ–મેઈલ : hnparikh98@gmail.com

**મેમ્બરશીપ લવાજમ**

**ભારતમાં:** રૂ.૩૦/–વાર્ષિક(સામાન્ય), રૂ.૧૦૦૧/–(આજીવન), રૂ.૨૫૦૧/–(પેટ્રન), **વિદેશમાં** : રૂ. ૫૦૦૧/–

સભ્યો અને જ્ઞાતિજનો ભેટ, જા.ખ. વિગેરેની રકમ સંસ્થાના ખાતામાં જમા કરાવી તેની પહોંચ વ્યવસ્થાપકને વોટ્સએપ કરી શકે છે. પહોંચ મોકલવાની જવાબદારી રકમ જમા કરાવનારની રહેશે.

ખાતાની વિગત નીચે પ્રમાણે છે.

Shree Vayada Vanik Seva Trust, Central Bank of India, Mithakhali Branch, Ahmedabad.

Savings A/c No.: 3172539192, IFSC Code.: CBIN0280553

SCAN QR CODE TO PAY

સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહ (અમદાવાદ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

# 'એક જ્ઞાતિ એક પરિવાર - ચાલો વાયડ'





સુજ્ઞ જ્ઞાતિજન,

વાયડની ચમત્કારી અને ઐતિહાસિક વાવ (સ્ટેપવેલ) મધ્યે વિરાજતા વાયડા વણિક જ્ઞાતિના પુનિત પાવની કુળદેવી માતા સમીરી કામદાદેવીની પ્રસન્નતા અને કૃપા કાજે, વર્ષો વર્ષ પરંપરાગત ઉજવાતા ચૈત્રી વાયડ સંઘમાં વાહનો દ્વારા અને પગપાળા જ્ઞાતિજનો મોટી સંખ્યામાં પહોંચીને ઉત્સાહપૂર્વક ભાગ લે છે.

૨૦૨૫ સંઘ પહેલાના માર્ચ મહિનાના 'વાયડામિત્ર'ના આ અંક થકી સર્વે જ્ઞાતિ પરિવારોને યાદ કરાવવાનું કે આગામી તા. ૨ એપ્રિલ (સાંજે ભક્તિ સંગીત રાસ-ગરબા) અને ૩ એપ્રિલ (સવારે કાર્યકર્તાઓનું સન્માન) બંને દિવસોએ વાયડ મંદિર પરિસર ખાતે નયનરમ્ય તથા ગરિમાપૂર્ણ કાર્યક્રમોનું આયોજન કરી રહ્યા છીએ.

આપને રાત્રિ રોકાણ અથવા વાહન અંગે કોઈ વ્યવસ્થા ગોઠવવી હોય તો સંસ્થાના તથા સેવા ટ્રસ્ટના કારોબારી સભ્યો સહાયક બની શકશે.

જ્ઞાતિ સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે ઉલ્લાસપૂર્ણ વાતાવરણમાં આપણે સહુ રંગેચંગે વધુમાં વધુ સમય સાથે રહીએ એ જ અભ્યર્થના.

આપ સહુની ઉત્સાહપૂર્ણ હાજરીની અભિલાષા રાખીએ છીએ.

સ્વ. રમેશચંદ્ર રજનીકાંત પરીખ (પાટણવાળા) ના જય શ્રી કૃષ્ણ

સ્વ. સોહાગિનીબહેન તથા સ્વ. નવનીતભાઈ બી. શાહ (દેત્રોજવાળા) ના જય શ્રી કૃષ્ણ.

**: કાર્યક્રમ સંચાલન સંપર્ક :**

વ્રજેશભાઈ એન. પરીખ, મો. ૯૮૨૫૦ ૯૭૫૭૨

મેહુલભાઈ એસ. શાહ, મો. ૯૬૦૧૯ ૮૭૮૮૪

**: રોકાણ તથા વાહન વ્યવસ્થા સંપર્ક :**

શરદભાઈ જે. પરીખ, મો. ૮૦૦૦૧ ૧૭૯૨૮

હરેશભાઈ એમ. પરીખ, મો. ૯૯૨૫૦ ૯૭૧૯૭

તુષારભાઈ જે. શાહ, મો. ૯૮૨૪૧ ૧૫૧૬૮

**: સંસ્થાન વ્યવસ્થા સંપર્ક :**

અજયભાઈ એ. પરીખ, મો. ૯૮૨૪૬ ૬૭૩૨૩

**: ચોકીઓમાં પથારી-ઓશિકા-ઓઢણ વ્યવસ્થા સંપર્ક :**

અશોકભાઈ આર. પરીખ, મો. ૯૯૭૯૨ ૯૮૭૬૧

**: ચ્હા-નાસ્તો-ભોજન વ્યવસ્થા સંપર્ક :**

ચૈતન્યભાઈ આર. પરીખ, મો. ૯૭૨૬૨ ૧૬૩૩૩

**– શશાંકભાઈ આઈ. શાહ, વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા**

**– ધીરેનભાઈ કે. પરીખ, શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ**



દીપક કાંતિલાલ ઝવેરી (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. ઘનશ્યામલાલ કૃષ્ણલાલ પરીખ પરિવાર(કડી–અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

# આપણે વાયડ શા માટે જવું જોઈએ?



**ચાલો વાયડ ...**

વાયડ અને ‘વાયડામિત્ર’ આપણા અભિન્ન અંગ છે. તેઓ જ્ઞાતિજનોને જોડતી કડી છે. વાયડ પ્રત્યક્ષ છે અને ‘વાયડામિત્ર’ પ્રચ્છન્ન છે. વાયડમાં હૃદયનો ભાવ પ્રગટ થાય છે અને ‘વાયડામિત્ર’માં હૃદયની ભાષા પ્રગટ થાય છે.

વાયડસંઘનું આકર્ષણ શા માટે છે ? વાયડમાં કેન્દ્રસ્થાને વાયડ માતાજીનું મંદિર છે. વાયડ માતાનું એકમાત્ર મંદિર અહીં છે. અન્ય શહેરોમાં વાયુદેવતાજીનાં મંદિર જોવા મળે છે. વાયડની વાવ એ જ માતાજીનું સ્થાનક છે. વાવને જ વાયડ માતાજીનું સ્વરૂપ માનીને તેની પૂજા–અર્ચના થતી હતી. ૧૯૧૭માં અંબાલાલભાઈ આબુવાળાએ શાસ્રોક્ત વિધિ દ્વારા પ્રાણપ્રતિષ્ઠા સહિત ઉપરના ભાગે મંદિરનું નિર્માણ કરાવ્યું જે આજે ૧૦૮ વર્ષ પછી પણ નિત્ય નૂતન લાગે છે.

આપણી જ્ઞાતિ ઉર્જાવાન કેમ છે ? તેનું કારણ ખબર છે ? માતાજી પાસે વૈદિક વિધિથી થયેલી શ્રીયંત્રની સ્થાપના. શ્રીયંત્ર ઉર્જાવાન છે. તેમાંથી સતત ઉર્જા વહેતી રહે છે અને જ્ઞાતિજનોને ઉર્જાવાન બનાવતી રહે છે.

આપણે વાયડ શા માટે જવું જોઈએ? આપણાં મૂળિયા મજબૂત થાય, એકબીજાને મળવા માટે, વિચારોની આપ–લે કરવા, સશક્ત સંવાદ સાધવા માટે, સંસ્કૃતિને ઉજાગર કરવા માટે, નવી પેઢીના કૌશલ્યને માણવા માટે, સૌ જ્ઞાતિજનો એક સાથે છે એવો મજબૂત સંદેશો આપવા માટે વાયડ સંઘ જરૂરી છે. અહીં વ્યક્તિ વ્યક્તિ સાથેના સંબંધો કેળવાય છે. એકબીજાને નજીકથી ઓળખવાનો પ્રયાસ થાય છે. આપણે પાસે છે, પણ સાથે નથી તેવો ભાવ દૂર થાય છે.

વાયડ આપણી ધાર્મિક પરંપરાને ઉજાગર કરતું સ્થાન છે. વાયડ આપણી સંવેદનાનું કેન્દ્ર છે, આસ્થાનું પ્રતીક છે, શ્રદ્ધાનું કેન્દ્ર તત્વ છે. જ્ઞાતિજનોને જોડતું

નિલેષ અરવિંદભાઈ શાહ (દ્રુપદ સિક્યોરીટીઝ પ્રા. લિ.), જય શ્રી કૃષ્ણ.

સ્વ. ગોરધનદાસ કૃષ્ણલાલ પરીખ (કડી)ના પરિવારના જય શ્રી કૃષ્ણ.

મૂળસ્થાન છે. વાયડમાં આપણે પ્રવેશ કરીએ એટલે મનની ઉર્મિઓ અને હૃદયમાં સ્પંદન ઉમડવા લાગે. રહી જાય માત્ર નિર્ભિક આનંદ. કૌટુંબિક ચિંતાઓ બાજુ પર રહી જાય.

મને લાગે છે કે સ્રીઓને વાયડ પ્રત્યે વધુ આકર્ષણ છે. અહીં સ્રીઓ રોજબરોજની ચિંતાઓમાંથી મુક્ત થાય છે. સમયસર ચા, નાસ્તો, ભોજન મળી રહે એટલે તેઓ સમૂહમાં આનંદ માણી શકે છે.

વાયડ સહજીવનનું કેન્દ્ર છે. આજે માણસ વિભક્ત કુટુંબમાં જીવે છે. વાયડ સમૂહજીવનની એક સુંદર તક પૂરી પાડે છે. આજનો માણસ ઉપભોક્તાવાદી બની ગયો છે. જરા જેટલી અગવડ વેઠી શકતો નથી પણ માણસે ઉપલબ્ધ સુખ-સગવડ સાથે સમૂહજીવનનો આનંદ માણવો જોઈએ. વર્ષના ૩૬૦ દિવસ તમે રાખો, માત્ર પાંચ દિવસ વાયડને આપો. પછી જુઓ, આખું વર્ષ તરવરાટ-જોમ-જુસ્સો તમને જીવનમાં જોવા મળશે.

વાયડ સંઘની રાહ જોતો હોય તેવો એક વર્ગ છે. એક માસ પહેલાથી જ સ્થાનિક સ્તરે વાયડ સંઘ માટે તૈયારીઓ શરૂ થઈ જતી હોય છે. વાતાવરણમાં ઉત્સાહ આવી જાય છે અને જેમ સમય નજીક આવે તેમ ઉત્સાહ બેવડાતો જાય છે.

વાયડમાં પ્રવેશતાં જ સુષુપ્ત રહેલો આનંદ આળસ મરડીને બેઠો થાય છે. હૃદયમાં સ્પંદન અને મનમાં ઊર્મિઓ જાગવા માડે. અહીં શહેર અને જ્ઞાતિના ભેદ ખરી પડે છે અને આપણે એક જ જ્ઞાતિના સભ્ય છે તે ઓળખ છતી થાય છે. આપણે સૌ એક સાથે છે તેવી ભાવના ઉજાગર બનતી જાય છે. વાયડ એ આપણી ધાર્મિક, સાંસ્કૃતિક અને સામાજિક પરંપરાનું આગવું સ્થાન છે. વાયડમાં પરંપરા અને આધુનિકતાનો સમન્વય જોવા મળે છે. ૩૬૦ દિવસ ભેંકાર રહેતું સ્થાન પાંચ દિવસ માટે જીવંત બની જાય છે અને ચેતના સળવળે છે. વાયડ, માણસમાં રહેલા અહંકારને નિર્મૂળ કરવાની તક આપે છે.

૧૭૨ વર્ષ પહેલા સંઘની પરંપરા શરૂ થઈ ત્યારે, ટાંચા સાધનો હતા. વાહનવ્યવહારની સગવડ ન હતી, ગાડામાં જવું પડતું હતું. તેના સાક્ષી ઘણા

સ્વ. હેમંતભાઈ એચ. કાશીપારેખ પરિવારના જય શ્રી કૃષ્ણ.

અશ્વિનભાઈ કૃષ્ણલાલ પરીખ પરિવાર (કડી–અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

વડીલ જ્ઞાતિજનો છે. છતાં આપણે પરંપરાને જાળવી રાખી છે. કોરોના કાળના અપવાદ સિવાય સંઘ સતત ચાલતી અવિરત પ્રક્રિયા છે.

જો કોઈને કહીએ કે એક સમયે આપણી સમગ્ર જ્ઞાતિ વાયડમાં હતી તો નવાઈ લાગે. પણ તે સત્ય છે. મોગલોએ વાયડની જાહોજલાલીથી પ્રભાવિત થઈને વાયડ પર આક્રમણ કર્યા જેને કારણે વાયડમાં રહેતા રહેવાસીઓ અન્ય જગ્યાઓએ વિખરાઈ ગયા.

વાયડની વાવનું હેરિટેજની દૃષ્ટિએ ઘણું મહત્વ છે. સાત માળ એ સાત ખંડ સહિત ૧૨૫ ફૂટ લંબાઈ એ ૩૩ ફૂટ પહોળાઈ ધરાવતી આ વાવ અદ્વિતીય છે.

વાયડ સાથે ભવ્ય ભૂતકાળ જોડાયેલો છે. આપણા વડવાઓ દીર્ઘદૃષ્ટિ ધરાવતા હતા. ૧૯૨૧માં જ્ઞાતિનું મુખપત્ર 'વાયડામિત્ર' શરૂ કરીને જ્ઞાતિજનોને પ્રચ્છન્ન રીતે એક સાથે જોડી રાખવાનો પ્રયત્ન થયો. તે પહેલાં ૧૯૦૫માં વાયડ સંસ્થાન અસ્તિત્વમાં આવ્યું જે વાયડમાતાજીનું મંદિર તેમજ કેમ્પસની દેખરેખ રાખે છે.

આ વર્ષે વાયડ આવવાના વિશિષ્ટ કારણો છે. ચૈત્ર સુદ પાંચમ (૨ એપ્રિલ, ૨૦૨૫)ને રોજ શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ તેમજ વાયડ સંસ્થાનના સંયુક્ત ઉપક્રમે રાત્રે ભક્તિ સંગીત અને રાસગરબાના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ચાર ગુજરાતી ભેગા મળે અને ગરબા ન થાય તેવું બને ? પુરુષો પણ રાસ ગરબામાં ભાગ લે છે તેનો સઘળો જશ શ્રીકૃષ્ણને જાય છે. જો કૃષ્ણે ગોપીઓ સાથે રાસમાં ભાગ લીધો ન હોત તો, પૃથ્વી પર માત્ર સ્ત્રી ઓ જ ગરબા ગાતી હોત. ગરબામાં સ્ત્રી પુરુષના સહજીવનનું સૌંદર્ય પ્રગટ થાય છે.

ચૈત્ર સુદ છઠ (૩ એપ્રિલ, ૨૦૨૫)ના રોજ સવારે ૧૦ વાગે વાયડ સંસ્થાને સંલગ્ન સેવા આપતા જ્ઞાતિજનોનું સન્માન કરવાનો એક સમારંભ યોજાઈ રહ્યો છે. સાથે સાથે સ્થાનિક મહિલા મંડળના પ્રતિનિધિઓનું પણ સન્માન કરવાનું આયોજન છે.

૨૦૧૩માં વાયડ ખાતે એક ભવ્ય સન્માન સમારંભનું આયોજન થયું હતું.

સ્વ. હરીશભાઈ રસીકલાલ પરીખ (ભરૂચ) પરિવારનાં જ્ઞાતિજનોને જય શ્રી કૃષ્ણ

બી. શૈલેશકુમાર એન્ડ કું (વડોદરા) ના સૌજન્યથી

જેમા છેલ્લા ચાલીસ વર્ષથી જ્ઞાતિ ક્ષેત્રે સેવા આપતા જ્ઞાતિજનોનું સન્માન હતું.

શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ, વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા અને વાયડ રસોડા ટ્રસ્ટ – એ આપણી ત્રણ પ્રમુખ સંસ્થાઓ છે. આ સંસ્થાઓ દ્વારા જ્ઞાતિ કલ્યાણના કાર્ય થાય છે.

વાયડમાં બધી જ પ્રવૃત્તિઓ મંદિરની ફરતે થાય છે. હવન અને આરતી વિશિષ્ટ છે. વરઘોડાનું પણ મહત્વ છે. વર્ષમાં એકવાર માતાજી નગરચચર્યાએ નીકળે છે. જેમ ભગવાન જગન્નાથ અષાઢ સુદ બીજને દિવસે અમદાવાદ અને જગન્નાથપુરીમાં નગરચર્યાએ નીકળે છે તે રીતે વાયડ માતા, ગ્રામવાસીઓને દર્શન આપવા નીકળે છે.

વાયડ ગામ પ્રત્યે આપણી જવાબદારી છે એ જે આપણે ચૂકતા નથી. ગામની શાળાના બાળકોને તેમ જ ગ્રામજનોને યથાશક્તિ મદદ વ્યક્તિગત રીતે કે સંસ્થા દ્વારા થતી જ રહે છે. આમ એક સુમેળનું વાતાવરણ ઉભું થાય છે.

આ અવિરત ચાલતી પરંપરા છે. તેમાં કોઈ કાળે ઓટ આવવાની નથી. આજના ઉપભોક્તાવાદી યુવાનોમાં પણ ધાર્મિક શ્રદ્ધા જોવા મળે છે. તેમાં કોઈ નવાઈ પામવા જેવી વાત નથી. તે આપણા સંસ્કાર છે જે પૂર્વથી ચાલ્યા આવે છે. અને પેઢી દર પેઢીમાં આરોપિત થતા રહે છે. માણસો આવશે અને જશે પણ વાયડ સંઘની પરંપરા અકબંધ રહેવાની છે.

જ્ઞાતિનો આ વર્ષે મોટી સંખ્યામાં વાયડ સંઘમાં આવે તેવી પ્રબળ ઇચ્છા વ્યક્તિ કરીએ છીએ.

તો જ્ઞાતિજનો, આવો છો ને વાયડ સંઘમાં....

**- હિમાંશુ શાહ, અમદાવાદ**
**પૂર્વ તંત્રી, વાયડામિત્ર**
**મો. ૯૪૨૯૦ ૬૭૮૯૦**

'દ્દષ્ટિ આઈ ક્લિનિક' – ડૉ. વત્સલભાઈ પરીખ (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. વિદ્યાબહેન રસિકલાલ શાહ (કડી)ના જય શ્રી કૃષ્ણ.–હ. પ્રેરણાબેન કે. પરીખ

## ભક્તિ સંગીત રાસ-ગરબા

**ચાલો વાયડ ...**

વાયડ ગામમાં બિરાજતા આપણા કુળદેવી શ્રી વાયડમાંની અસીમ કૃપાથી આપણે સમસ્ત જ્ઞાતિજનો સુખી અને સમૃદ્ધ છીએ. વાયડ થકી સમસ્ત જ્ઞાતિજનો એક તાંતણે બંધાયેલા છે એટલે જ વાયડનું વિશેષ મહત્વ છે.

ચાલુ વર્ષે વાયડ સંઘ દરમિયાન ચૈત્ર સુદ પાંચમે ભક્તિ સંગીત અને રાસ ગરબાનું આયોજન કરેલ છે. કાર્યક્રમની રૂપરેખા નીચે મુજબ છે.

**તારીખ : ૨ એપ્રિલ, ૨૦૨૫ બુધવાર**

**સમય : રાત્રે ૮ વાગ્યાથી**

**સ્થળ : શ્રી વાયડમાંના સાનિધ્યમાં, વાયડ પટાંગણ**

ચાલો, સૌ જ્ઞાતિજનો જાણીતા વાદ્યવૃન્દની મોજમાં ભક્તિરસથી શ્રી વાયડમાંની આરાધના સાથે રાસ ગરબાની રમઝટ બોલાવીએ. ચાલો, જૂની યાદો તાજી કરીએ, મન ભરીને માણીએ અને નવી સ્મૃતિઓ બનાવીએ. સમસ્ત વાયડા વણિક જ્ઞાતિજનોને મોટી સંખ્યામાં હાજર રહેવા આગ્રહભરી વિનંતી છે.

**આયોજક**

**શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ – વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા**



સ્વ. શાંતાબહેન કનૈયાલાલ પરીખ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.–હ. પ્રેરણાબહેન કે. પરીખ

ગો.વા. પ્રભાવતીબહેન અને ગો.વા. સુર્યબાળાબહેન (પાટણ)ના જય શ્રી કૃષ્ણ હ. દેવીબહેન પરીખ

# ચાલો વાયડ...

૨૦૨૫ના વાયડ સંઘ દરમ્યાન વાયડ સંકુલ ખાતે બુધવાર, ચૈત્ર સુદ પાંચમ, તા. ૨ એપ્રિલના સાંજે ૭–૦૦ થી ૯–૩૦ દરમ્યાન તથા ગુરુવાર, ચૈત્ર સુદ છઠ, તા. ૩ એપ્રિલના રોજ સવારે ૧૧–૦૦ થી ૧૨–૩૦ દરમ્યાન શ્રી વાયડા વણિક સેવા ટ્રસ્ટ વાય્વાસેટના નેજા હેઠળ વાયડ સંસ્થાન ટ્રસ્ટ તથા સ્થાનિક જ્ઞાતિઓના સંયુક્ત ઉપક્રમે સુંદર સાંસ્કૃતિક તથા સન્માન કાર્યક્રમોનું આયોજન થવા જઈ રહ્યું છે.

કાર્યક્રમોને નયનરમ્ય તથા ગુણવત્તાસભર બનાવવા માટે જ્ઞાતિજનોની સ્પોન્સરશિપ્સ આવકાર્ય છે. સર્વે જ્ઞાતિજનોને તન મન ધનથી આગ્રહપૂર્વક સહભાગી થવા અનુરોધ છે.

આ અંગે વાયડ ખાતે એક અથવા વધુ રાત્રીના રોકાણની વ્યવસ્થા અંગે સંસ્થાનના નિયુક્ત ચોકીઓના અધિકારીશ્રીઓ અથવા એ. સી. મેજિસ્ટ્રેટ હોલ, પહેલો માળ, પાટણ ચોકીમાં રાત્રી શયનની વ્યવસ્થા બાબતે તુષારભાઈ જે. શાહ મો. ૯૮૨૪૧ ૧૫૧૬૮ તથા સંસ્થાનની વ્યવસ્થાઓ બાબતે સેક્રેટરી શ્રી અજયભાઈ એ. પરીખ મો. ૯૮૨૪૬ ૬૭૩૨૩નો સંપર્ક કરવા વિનંતી છે.

: આમંત્રકો :

ધીરેનભાઈ કે. પરીખ, પ્રમુખશ્રી, વાયડા વણિક સેવા ટ્રસ્ટ

શશાંકભાઈ આઈ. શાહ, પ્રમુખ, શ્રી વાયડા વણિક સંસ્થાન ટ્રસ્ટ

સ્થાનિક કારોબારીઓના સર્વે અધિકૃત સંચાલકશ્રી ઓએ સ્પોન્સરશિપ્સ અંગે નીચે જણાવેલ વ્યક્તિઓનો સંપર્ક કરવો :

ધીરેનભાઈ કે. પરીખ, મો. ૯૮૨૫૦ ૦૯૫૧૯

વ્રજેશભાઈ એન. પરીખ, મો. ૯૮૨૫૦ ૯૭૫૭૨

મેહુલભાઈ એસ. શાહ, મો. ૯૬૦૧૯ ૮૭૮૮૪

શરદભાઈ જે. પરીખ, મો. ૮૦૦૦૧ ૧૭૯૨૮

ગો.વા. મનુભાઈ અને ગો.વા. ભુપેન્દ્રભાઈ પરીખ (પાટણ) ના જય શ્રી કૃષ્ણ હ. દેવીબહેન પરીખ

નાનાલાલ શામજી શાહ પરિવાર(મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ હ.લક્ષ્મીબહેન હસમુખલાલ શાહ

## વાયડા વણિક શ્રી વાયડ સંસ્થા

આ વર્ષે ચૈત્ર માસના સંઘનું આયોજન નીચે મુજબ કરવામાં આવ્યું છે.

(૧) ૨૦૮૧, ચૈત્ર સુદ ૩ – ૪, તા. ૧–૪–૨૦૨૫, મંગળવારના રોજ સંઘ પાટણથી વાયડ જવા રવાના થશે.

(૨) ચૈત્ર સુદ–૬, તા. ૩–૪–૨૦૨૫ને ગુરુવારે નવચંડી હવન થશે. શ્રીફળ સાંજે ૬–૦૦ વાગે હોમાશે

(૩) ચૈત્ર સુદ–૮, તા. ૫–૪–૨૦૨૫ને શનિવારે સંઘ બપોર પછી પરત ફરશે.

## ઉછામણી

(૧) ચૈત્ર સુદ–૪ને રાત્રે જમવાના સમયે ચૈત્ર સુદ–૪ની રાતની માતાજીની આરતી અને ચૈત્ર સુદ–૫ની સવારની આરતીની ઉછામણી બોલાશે.

(૨) ચૈત્ર સુદ–૫ને રાત્રે જમવાના સમયે નીચે પ્રમાણે ઉછામણી બોલાશે.

- ચૈત્ર સુદ–૫ની રાતની માતાજીની આરતી
- ચૈત્ર સુદ–૬ની સવારની આરતી
- ચૈત્ર સુદ–૬ હવનમાં બેસવાની ઉછામણી
- ચૈત્ર સુદ–૬ ધ્વજા દંડ ચઢાવવાની ઉછામણી

હવનમાં બેસવાની ઉછામણી ૧૧,૦૦૦/– થી શરૂ થશે.

– ચૈત્ર સુદ–૬ના હવનમાં બેસવાના બીજા દંપતિની ચીઠ્ઠીઓ ચૈત્ર સુદ–૫ની રાત્રે જમ્યા પછી સંસ્થાની ઓફીસમાં થશે. જેઓની ઇચ્છા હોય તેમને અગાઉથી ઓફીસમાં નામ લખાવી જવા. ન્યોછાવર ૭૫૦૦/– રાખેલ છે. જે જ્ઞાતિજનનું નામ ચીઠ્ઠીમાં આવશે તેમણે પાંચ વર્ષ સુધી ફરીથી ચીઠ્ઠીમાં નામ લખાવવાનું રહેશે નહીં.

– ચીઠ્ઠીમાં નામ આવનાર જ્ઞાતિજનના પુત્ર અથવા પુત્રી હવનમાં બેસી શકશે.

ચંદનબહેન વલ્લભદાસ મોહનલાલ શાહ (કડીવાળા) પરિવારના જય શ્રી કૃષ્ણ.

'આરતી મેટરનીટી હોસ્પિટલ' ડૉ. સંજય ગાંધી (ડીસા)ના જય શ્રી કૃષ્ણ.

– બાકીની આરતીઓ તથા વરઘોડાની ઉછામણી હવનના સમયે સાંજે ૫–૦૦ વાગે યજ્ઞ મંડપ પાસે થશે.

## સંસ્થાની મિટિંગ

વાયડ સંસ્થાની મિટિંગ સંઘ દરમ્યાન તા. ૩–૪–૨૦૨૫ને ગુરુવારે ચૈત્રસુદ–૬ના રોજ સવારે ૧૧–૦૦ કલાકે સંસ્થાની ઓફીસે (વાયડ મુકામે) મળશે. સર્વે ટ્રસ્ટીશ્રીઓને સવારે ૧૧–૦૦ કલાકે મિટિંગમાં હાજરી આપવા વિનંતી છે.

## ગાદલાની વ્યવસ્થા

સંઘ દરમ્યાન ગાદલાની વ્યવસ્થા નીચે પ્રમાણે કરવામાં આવી છે. જે જ્ઞાતિજનોને ગાદલાની જરૂરિયાત હોય તેમને તા. ૧૫–૩–૨૦૨૫ પછી નીચેના સરનામે ગાદલા નોંધાવવા.

ગાદલાના એક સેટનું ભાડુ રૂ. ૭૦/– રાખેલ છે.

સરનામુ : અશોકભાઈ આર. પરીખ ૩૮, મલ્હાર ગ્રીન બંગ્લોઝ, કાળકા માતા રોડ, પાટણ. મો. ૯૯૭૯૨ ૯૮૭૬૧

**શશાંકભાઈ આઈ. શાહ**
**(પ્રમુખ)**

**અજય અરવિંદભાઈ પરીખ**
**(મંત્રી)**
મો. ૯૮૨૪૬ ૬૭૩૨૩



સવિતાબહેન રામલાલ પરીખ (કડી) પરિવારના જય શ્રી કૃષ્ણ.

ડૉ. રોહિતભાઈ જયંતીલાલ શાહ (પાટણ)ના જય શ્રી કૃષ્ણ.

## શ્રી સમીરી વણિક સમાજ ઉત્કર્ષ મંડળ

**ચાલો વાયડ ...**

શ્રી સમીરી વણિક સમાજ દ્વારા સમાજના સભ્ય ભાઈ-બહેનો તથા તેમના કુટુંબીજનો માટે ચૈત્ર સુદ છઠના હવન પ્રસંગે સ્વ. સતિષભાઈ ગોકળદાસ પારેખ અને શ્રીમતી ભારતીબેન સતિષભાઈ પારેખ તરફથી તેમના માતા-પિતા સ્વ. ગોકળદાસ ચુનીલાલ પારેખ અને સ્વ. સરસ્વતીબેન ગોકળદાસ પારેખ તથા સ્વ. નટવરલાલ નાનાલાલ પરીખ અને સ્વ. જશુમતીબેન નટવરલાલ પરીખની પુણ્યસ્મૃતિમાં મળેલ દાનની રકમના વ્યાજમાંથી તારીખ ૩-૪-૨૦૨૫ને ગુરુવારના રોજ અમદાવાદથી વાયડ જવા આવવા માટે ૨ X ૨ AC લક્ઝરી બસનું આયોજન કરવામાં આવ્યું છે. આ બસ માટે યાત્રીઓ પાસેથી કોઈ ચાર્જ લેવામાં નહિ આવે.

**આ ઉપરાંત તા. ૨-૪-૨૦૨૫ના રોજ સવારે ૬-૩૦ વાગે નીકળીને નડાબેટ જવાનું પણ આયોજન છે.** નડાબેટથી રાત્રે નવેક વાગ્યે વાયડ આવીને બીજા દિવસે હવનના દર્શન કરીને તા. ૩-૪-૨૦૨૫એ રાત્રે અમદાવાદ પરત થશે. આ સિવાયનો નાસ્તા-ભોજનનો ખર્ચ સહુએ પોતાની રીતે કરવાનો રહેશે. વાયડમાં રાત્રી રોકાણની વ્યવસ્થા પણ પોતાની રીતે કરવાની રહેશે.

જો નડાબેટ માટે પૂરતી સંખ્યા થશે તો જ તેના પ્રવાસનું આયોજન કરવામાં આવશે. નહિ તો માત્ર વાયડનો પ્રવાસ રહેશે.

**પ્રવાસ માટે ઇચ્છુક સભ્યોએ પોતાના નામ શ્રી કંદર્પભાઈ પરીખને મોબાઈલ નંબર ૯૪૨૮૪ ૧૩૦૬૫ પર તારીખ ૧૪-૩-૨૦૨૫ થી ૧૬-૩-૨૦૨૫ સુધીમાં નોંધાવી દેવા વિનંતી છે.** ફોન સવારના ૧૧ વાગ્યાથી સાંજે ૭ વાગ્યા સુધીમાં જ કરવા વિનંતી છે.

સ્વ. રસિકલાલ લલ્લુભાઈ શાહના પરિવારના જય શ્રી કૃષ્ણ.

સ્વ. હસમુખલાલ ચંદુલાલ પરીખ(પાટણ–અમદાવાદ) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

નડાબેટ અને વાયડ એમ બંને જગ્યાએ જવું છે કે માત્ર વાયડ જવું છે તે સ્પષ્ટ જણાવવું.

નડાબેટ અને વાયડ બંને જગ્યા એ આવનાર વ્યક્તિએ રૂ ૭૦૦/– ડિપોઝીટ પેટે જેમાંથી રૂપિયા રૂ. ૨૦૦/– વાયડથી પાછા ફરતી વખતે પરત આપવામાં આવશે અને માત્ર વાયડ આવનાર વ્યક્તિએ ડિપોઝિટ પેટે રૂ. ૨૦૦/– ભરીને નામ નોંધાવાના રહેશે જે વાયડથી પાછા આવતાં પરત કરવામાં આવશે.

**શરદ પરીખ** — પ્રમુખ

**દિગંત પરીખ** — સેક્રેટરી

## શ્રી પાટણ દશા વાયડા વણિક જ્ઞાતિ તથા ઉત્કર્ષ મંડળની વાર્ષિક સામાન્ય સભા

તારીખ ૩–૪–૨૦૨૫ને ગુરુવારના રોજ વાયડ મુકામે જ્ઞાતિની ધર્મશાળાના મેજીસ્ટ્રેટ હોલમાં બપોરે ૨–૩૦ કલાકે જ્ઞાતિ તથા ઉત્કર્ષ મંડળની વાર્ષિક સામાન્ય સભાનું આયોજન કરેલ છે.

સર્વે સભાસદ ભાઈઓને હાજર રહેવા વિનંતી છે.

એજન્ડા :
1. ૧) ગત વર્ષના ઓડીટેડ હિસાબ મંજૂર કરવા બાબત
2. ૨) નવીન વર્ષના હોદ્દેદારોની નિમણૂંક બાબત.
3. ૩) પ્રમુખશ્રી રજુ કરે તે.

લિ.

શ્રી ચેતન આર. પરીખ
મંત્રીશ્રી
પાટણ દ.વા.વ.
જ્ઞાતિ તથા ઉત્કર્ષ મંડળ

શ્રી હરેશ એમ. પરીખ
પ્રમુખશ્રી
પાટણ દ.વા.વ.
જ્ઞાતિ ઉત્કર્ષ મંડળ

ડૉ. રોહિતભાઈ જે. શાહ
પ્રમુખશ્રી
પાટણ દ.વા.વ. જ્ઞાતિ

સ્વ. અનુભાઈ મોતીલાલ શાહ (અમદાવાદ) અને પરિવારના જય શ્રી કૃષ્ણ

સ્વ. ચીનુભાઈ આર. શાહ (અમદાવાદ)ના જય શ્રી કૃષ્ણ.

## શ્રી વાયુદેવતા મંદિર બાજવાડા, વડોદરા
## ચૈત્રસુદ છઠ્ઠનો હવન અને વાયડ સંઘ

**ચાલો વાયડ ...**

આ વર્ષે ચૈત્ર સુદ છઠ્ઠનો હવન તા. ૩-૪-૨૦૨૫ને ગુરુવારના રોજ યોજાશે. શ્રીફળ હોમવાનો શુભ સમય સાંજના ૬-૦૦ કલાકનો રહેશે, આપ હવનના નિ:શુલ્ક યજમાન થવા માટે મંદિરના પુજારી શ્રી દત્તુભાઈ દવેનો સવારે ૮ થી ૧૧ કલાક દરમ્યાન અથવા મોબાઈલ નં. ૯૮૯૮૩ ૦૭૫૧૦ ઉપર સંપર્ક કરી આપનું નામ, સરનામું અને કોન્ટેક્ટ નંબર લખાવશો.

જે જ્ઞાતિજનો સંજોગોવસાત્ વાયડ આવી શકે તેમ ન હોય તેઓ સૌને હવન દરમ્યાન ઉપસ્થિત રહી આરતી અને પ્રસાદનો લાભ લેવા વિનંતી છે.

શ્રી વાયડ ખાતે ચૈત્ર સુદ છઠ્ઠના હવનનો લાભ જ્ઞાતિજનો મેળવી શકે તે આશયથી વડોદરાના વાયડા વણિક જ્ઞાતિજનો માટે આ વર્ષે પણ એક દિવસની તથા ત્રણ દિવસની એમ બે બસોનું આયોજન નીચે મુજબ કરવામાં આવશે.

એક દિવસ અને ત્રણ દિવસ એમ બન્ને બસો તારીખ ૨-૪-૨૦૨૫ને બુધવારના રોજ રાત્રે ૧૧:30 કલાકે ન્યાય મંદિરથી રવાના થશે. ત્યાંથી રાજલક્ષ્મી કોમ્પ્લેક્ષ, જુના પાદરા રોડ આવશે અને જ્ઞાતિજનોને લઈ વાયડ જવા રવાના થશે. એક દિવસની બસ તા. ૩-૪-૨૦૨૫ ને ગુરુવારના રોજ રાત્રે લગભગ ૮ કલાકે પ્રસાદ લીધા બાદ વાયડથી પરત ફરશે. ૩ દિવસ વાળી બસ તા. ૫-૪-૨૦૨૫ને શનિવારના રોજ માતાજીના વરઘોડા બાદ, પ્રસાદ લીધા બાદ બપોરે ૨ કલાકે વાયડથી રવાના થશે. શક્ય હશે તો એ.સી.બસની વ્યવસ્થા કરવામાં આવશે, જેની નોંધ લેશો.

બન્ને બસમાં સીનીયર સીટીઝન માટેની બેઠક વ્યવસ્થા આગળ રહેશે. જેની નોંધ લઈ સૌએ સહયોગ આપવા વિનંતી છે.

ચંદુલાલ મગનલાલ શાહ તથા કંચનગૌરી ચંદુલાલ મગનલાલ શાહની સ્મૃતિમાં સૌને જય શ્રી કૃષ્ણ.

સ્વ. જીવણલાલ શાહ (દેત્રોજવાળા)પરીવારનાં જય શ્રી કૃષ્ણ

વડોદરાના વાયડા વણિક જ્ઞાતિજનો પોતાના નામ તા. ૩૧-૩-૨૦૨૫ પહેલા શ્રી અરવિંદભાઈને મેસર્સ, ગૌરી સાડી, એમ.જી.રોડ, વડોદરા સમય બપોરે ૪ થી ૭ કલાક સુધીમાં રૂબરૂ મળી લખાવવા વિનંતી છે અથવા આપ પોતાના નામ મેસર્સ પ્રણવ ઈલેક્ટ્રીકલ્સ, રાજલક્ષ્મી કોમ્પલેક્ષ, જુના પાદરા રોડ, વડોદરા ખાતે પણ બપોરે ૧ થી ૬ દરમ્યાન શ્રી હર્ષદભાઈ શ્રોફને રૂબરૂ મળી લખાવી શકશો.

આપ બસમાં ક્યાંથી બેસવાના, આપની ઉંમર અને આપનો કોન્ટેક્ટ નંબર લખાવી દેવા વિનંતી છે. નામ નોંધાવતી વખતે વ્યક્તિદીઠ રૂપિયા ૪૦૦/- ભરવાના રહેશે. નામ નોંધાવ્યા બાદ નામ કેન્સલ કરવામાં આવશે નહી, જેની નોંધ લેવા વિનંતી છે.

**- વાયડા વણિક સમાજ, વડોદરા**

## શ્રી મુંબઈ કચ્છી વાયડા સમાજ

સુજ્ઞ જ્ઞાતિજનો,

સહર્ષ જણાવવાનું કે આ વર્ષે ચૈત્ર સુદ છઠ નો માતાજીનો હવન તારીખ ૩-૪-૨૦૨૫, ગુરુવારના રોજ છે.

હવનનું સ્થળ : ગ્રાઉન્ડ ફ્લોર, સારસ્વત વાડી, ઝવેર રોડ, મુલુંડ વેસ્ટ

શ્રીફળ હોમવાનો સમય : સાંજે ૬-૩૦ કલાકે

**- સમીર શાહ**

સેક્રેટરી

સ્વ. મંજુલાબહેન રમેશચંદ્ર શાહ (કડી-અમદાવાદ) પરીવારના જય શ્રી કૃષ્ણ

અમર નૈમિષકુમાર પરીખ (કેનેડા)ના જય શ્રી કૃષ્ણ.

## શ્રી વાયડ રસોડા ટ્રસ્ટ

વિક્રમ સંવત ૨૦૮૧ના ચૈત્ર માસનાં શ્રી વાયડ સંઘ દરમ્યાન દર્શનાર્થે આવનાર સર્વે જ્ઞાતિજનોને બન્ને સમયે પ્રસાદ ગ્રહણ કરવા માટે શ્રી વાયડ રસોડા ટ્રસ્ટ તરફથી તિથીવાર નિમ્ન દર્શીત સહયોગીઓ તરફથી હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

| | |
|---|---|
| **ચૈત્ર સુદ - ૪** | |
| શ્રીમતી કાંતાબહેન રામદાસ પરીખ પાટણ હસ્તે : તરલાબહેન જીતેન્દ્રભાઈ પરીખ | રૂ. ૫૦,૦૦૦/- |
| ગો.વા. શ્રી લલિતકુમાર જયકિશનદાસ પરીખ પાટણનાં સ્મરણાર્થે હસ્તે : હ્રજિકાબહેન લલિતભાઈ પરીખ, પાટણ | રૂ. ૫૦,૦૦૦/- |
| **ચૈત્ર સુદ - ૫** | |
| સ્વ. સવિતાબહેન રામલાલ પરીખ હસ્તે : જીતેન્દ્રભાઈ પરીખ, કડી | રૂ. ૫૧,૦૦૦/- |
| **ચૈત્ર સુદ - ૬** | |
| સ્વ. જયંતિલાલ બાલુભાઈ પરીખ અને સ્વ. મેનાબેન જયંતિલાલ પરીખના સ્મરણાર્થે હસ્તે વિપુલભાઈ જયંતિલાલ પરીખ અને માધવીબેન વિપુલભાઈ પરીખ તરફથી | રૂ. ૪,૦૧,૦૦૦/- |
| સ્વ. મંગુબેન પ્રાણલાલ પરીખ, સ્વ.લલીતાબેન મોહનલાલ પરીખ અને સ્વ.મોહનલાલ અચરતલાલ પરીખના સ્મરણાર્થે સ્વ. બહેન પ્રભાલક્ષ્મિ મોહનલાલ પરીખ ટ્રસ્ટ તરફથી | રૂ. ૧,૫૧,૦૦૦/- |
| શ્રી પ્રકાશભાઈ પરીખ, પાટણ (હાલ અમેરિકા) | રૂ. ૧,૦૦,૦૦૦/- |
| સ્વ.જેઠાલાલ અચરતલાલ પરીખ તથા સ્વ. વિદ્યાગૌરી જેઠાલાલ પરીખ હસ્તે : શ્રી રમેન્દ્ર પરીખ | રૂ. ૧,૦૦,૦૦૦/- |

સ્વ. સુભાષભાઈ આર. શાહ (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

અરુણભાઈ આર. શાહ (રંગવાળા) (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.

| | |
|---|---|
| ડૉ. સંજયભાઈ દેવીદાસભાઈ ગાંધી, ડીસા | રૂ. ૧,૦૦,૦૦૦/– |
| સ્વ. શ્રી શ્યામલાલ નટવરલાલ પરીખ<br>હસ્તે : પરીવારજનો તરફથી | રૂ. ૧,૦૦,૦૦૦/– |
| સ્વ. જીવીબહેન વશનજી શાહ (એડનવાલા) હસ્તે : વશનજી માધવજી શાહ પરીવાર, લંડન | રૂ. ૧,૦૦,૦૦૦/– |
| ગં.સ્વ. જયાબહેન ભગવાનદાસ શાહ હસ્તે : ભગવાનદાસ નારણદાસ શાહ પરીવાર, દિનેશભાઈ સિંગાપુર | રૂ. ૧,૦૦,૦૦૦/– |
| શ્રી કચ્છી વાયડા સમાજના માતાજીના ભક્તો તરફથી, મુંબઈ | રૂ. ૧,૦૦,૦૦૦/– |
| ગં. સ્વ. લીલાવતીબહેન ભોગીલાલ શાહ<br>હસ્તે : ભોગીલાલ ચાંપશી પરીવાર, મુંબઈ | રૂ. ૧,૦૦,૦૦૦/– |
| ગં. સ્વ. શાંતાબહેન શાંતિલાલ શાહ<br>હસ્તે : શાંતિલાલ મકનજી શાહ પરિવાર, મુંબઈ | રૂ. ૧,૦૦,૦૦૦/– |
| સ્વ. મંજુલાબહેન બેચરદાસ શાહ હસ્તે : મથરાદાસ મોતીચંદ શાહ પરીવાર, ભુજ | રૂ. ૧,૦૦,૦૦૦/– |
| શ્રી જસવંતભાઈ છોટાલાલ શાહ, ઘાટકોપર, મુંબઈ | રૂ. ૧,૦૦,૦૦૦/– |
| શ્રીમતી માલતીબહેન જસવંતભાઈ શાહ, ઘાટકોપર, મુંબઈ | રૂ. ૧,૦૦,૦૦૦/– |
| સ્વ. બહેન પ્રભાલક્ષ્મી મોહનલાલ પરીખ તથા સ્વ. શોભનાબહેન જીતેન્દ્રભાઈ શાહના સ્મરણાર્થે હસ્તે : જીતેન્દ્રભાઈ મધુકરભાઈ શાહ, અમદાવાદ | રૂ. ૧,૦૦,૦૦૦/– |
| સ્વ. ચંપાબેન મધુકરભાઈ શાહ તથા સ્વ. મધુકરભાઈ પોપટલાલ શાહના સ્મરણાર્થે હસ્તે જીતેન્દ્રભાઈ મધુકરભાઈ શાહ તરફથી | રૂ. ૧,૦૦,૦૦૦/– |
| સ્વ. ગોકળદાસ ચુનીલાલ પારેખ તથા સ્વ. સરસ્વતીબેન ગોકળદાસ પારેખના સ્મરણાર્થે હસ્તે મનોજભાઈ પારેખ તરફથી | રૂ. ૧,૦૦,૦૦૦/– |

સ્વ. કુ. હેમલતાબહેન ઝવેરીલાલ શાહના જય શ્રી કૃષ્ણ.

**સ્વ. શાહ ઝવેરીલાલ વીરજીના જય શ્રી કૃષ્ણ.**

| | |
|---|---|
| ઘનશ્યામલાલ કૃષ્ણલાલ પરીખ (કડીવાળા) | રૂ. ૫૦,૦૦૦/– |
| સ્વ. રામદાસ ચુનીલાલ પારેખ હ.ભરતભાઈ પરીખ – અમેરિકા | રૂ. ૫૦,૦૦૦/– |
| તિલોત્તમાબેન પ્રવીણચંદ્ર પરીખ – અમદાવાદ | રૂ. ૫૦,૦૦૦/– |
| પ્રવીણચંદ્ર બાબુલાલ પરીખ – અમદાવાદ | રૂ. ૫૦,૦૦૦/– |

**ચૈત્ર સુદ – ૭**

| | |
|---|---|
| સ્વ. ઈન્દુમતીબહેન રમણલાલ શાહ કડી હસ્તે : શ્રી ચીનુભાઈ રમણલાલ શાહ, અમદાવાદ | રૂ. ૫૦,૦૦૦/– |

**ચૈત્ર સુદ – ૮**

| | |
|---|---|
| સ્વ. રમણલાલ કાળીદાસ શાહ, કડી હસ્તે : શ્રી ચીનુભાઈ રમણલાલ શાહ, અમદાવાદ. | રૂ. ૫૦,૦૦૦/– |

**– શશાંકભાઈ આઈ. શાહ, પ્રમુખ, શ્રી વાયડ રસોડા ટ્રસ્ટ**

### *આટલું જરૂર કરીએ ...*

- *સારા પ્રસંગે 'વાયડામિત્ર'ને યાદ કરીને યથાશક્તિ ભેટ જરૂર મોકલાવીએ.*
- *સરનામામાં ફેરફારની જાણ તુરંત કરી નવું સરનામું આપીએ.*
- *લાઈફ મેમ્બરનું અવસાન થાય તો 'વાયડામિત્ર'ને જાણ કરી 'વાયડામિત્ર' બંધ કરાવીએ અને ઘરનાં અન્ય સભ્યના નામે મેમ્બર બનાવી 'વાયડામિત્ર' સાથેનો અટૂટ નાતો ચાલુ રાખીએ.*
- *'વાયડામિત્ર' ન મળે તો વ્યવસ્થાપકને વ્હોટસ્‌અપ અથવા એસ.એમ.એસ. થી જાણ કરી 'વાયડામિત્ર' મંગાવીએ.*
- *ધંધા-રોજગારની નાની-મોટી જા.ખ. આપી 'વાયડામિત્ર' ને મદદરૂપ બનીએ..*
- *'વાયડામિત્ર' માટે વાર્તા, કવિતા, લેખ, મૌલિક રચનાઓ નિયમિત મોકલીએ.*

**તારાબહેન તલકશીભાઈ શાહ પરિવાર (વડોદરા)ના જય શ્રી કૃષ્ણ.**

સ્વ. વ્રજેશ કાંતિલાલ પરીખ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

## INVITATION
## Exclusive Visit to Dudhsagar Dairy, Mehsana

We are pleased to invite Vayada Gyatijan for a special technical tour of Dudhsagar Dairy, Mehsana one of Gujarat's largest and most advanced dairy plants. The construction and commissioning of huge project worth Rs. 500 Cr. is 97% complete, from a Civil work scope of Rs. 190 Cr., and scheduled for inauguration by a Union Minister in April 2025.



A special permission is taken for visit of our Gyatijan. This guided visit offers a rare opportunity to witness how milk is processed into various products, including:

* Pasteurization process of Milk
* UHT milk pouches 100 ml to 1L (TetraPak)

ભોગીલાલ ચાંપશી શાહ પરિવારના જય શ્રી કૃષ્ણ.

રમેશભાઈ ભોગીલાલ પરીખ (મુંબઈ)પરિવારના જય શ્રી કૃષ્ણ.

* Milk powder 120 MT per day

* Flavoured Milk

RJP Infrastructure Pvt. Ltd., founded by Shri Ramendra J. Parikh in 1971, has constructed 50+ projects in dairy industry across 5 states (Gujarat, Rajasthan, Maharashtra, Haryana, Telangana) in last 54 years. We are proud to say that we have constructed plants for all 5 major milk unions (AMUL Dairy, Dudhsagar Dairy, Banas Dairy, Sabar Dairy, and Amul FED-GCMMF Dairy) of Gujarat, each with an annual turnover exceeding $1 billion.

With special permission secured from the dairy, all Vayada Gyatijan can visit the plant at one's convenient time, while going to Vayad on any day-2nd,3rd or 4th April 25, between 8 am to 5 pm.

Venue: Dudhsagar Dairy, Mehsana
Timings: 8:00 AM - 5:00 PM
Duration: 1-2 hours
Contact: Keval R. Parikh 98240 15570
(at least 24 hours in advance to confirm visit)
Followed by: Breakfast/Snacks

Join us in exploring the journey of milk a testament to our community's contribution to Gujarat's dairy revolution The White Revolution.

Jai shree krishna. Vayad mat ki jai.

**Ramendra J. Parikh** **Keval R. Parikh** **Sharman K. Parikh**

શાંતિલાલ મકનજી શાહ પરિવાર (મુંબઈ)ના જય શ્રી કૃષ્ણ.

સ્વ. પુષ્પાવતીબેન તથા સ્વ. રસિકલાલના જય શ્રી કૃષ્ણ. હ. નરેશ

# શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિ

## ફૂલ-પાન મનોરથ

પાટોત્સવનું વિશેષ મહત્વ પ્રસ્થાપિત છે. પાટોત્સવની ધામધૂમથી ઉજવણી કરવાનો ઉત્સાહ અનેરો હોય છે. વર્ષ ૧૯૯૫માં અમદાવાદખાતે સ્થાપિત શ્રી વાયુદેવતાજી મંદિરનો આ વર્ષે ત્રીસમો પાટોત્સવ વિશેષ રીતે ઉજવવાનો નિર્ધાર થયો. શ્રી વાયુદેવતાજી ભગવાન, શ્રી વાયડમાંની અસીમ કૃપા અને આશિર્વાદ થકી શ્રી અમદાવાદ દશા વાયડા વણિક જ્ઞાતિના ઉપક્રમે મહા વદ પાંચમ, ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૫ સોમવારના રોજ શ્રી વાયુદેવતાજી મંદિર, અમદાવાદ ખાતે પાટોત્સવના મંગલકારી પ્રસંગે હવનની સાથે ફૂલ-પાનનો શુભ મનોરથ સંપન્ન થયો.

સૌ પ્રથમવાર ફૂલ-પાન મનોરથનું અતિભવ્ય આયોજન કરવામાં આવ્યું. ફૂલ-પાન મનોરથમાં માત્ર પારંપરિક પુષ્પો અને પાનથી સુશોભિત કરવાની પાવન ભાવના રાખવામાં આવી. આધુનિક, કુત્રિમ કે અપૂજ્ય પુષ્પ અને પાન નહિ વાપરવાનો આગ્રહ રાખવામાં આવ્યો. ગર્ભગૃહ અને મુખ્ય દ્વારને વિશેષરૂપે કેસરી અને પીળા રંગના ગલગોટાના પુષ્પથી શણગારવામાં આવ્યા. ગર્ભગૃહના ભોંયતળિયે પ્રભુના ચરણોમાં કેસરી-પીળા-સફેદ ગલગોટા, લાલ ગુલાબ અને કેળના પાનની અતિભવ્ય રંગોળી કરવામાં આવી. આસોપાલવના તોરણ બંધાવ્યા. મુખ્ય દ્વારને કેળના પાનથી શોભાવ્યા. સમગ્ર ગર્ભગૃહને અદ્‌ભુત શણગાર થકી સુશોભિત કરવામાં આવ્યું.

સર્વે દેવીદેવતાઓના અતિ પ્રસન્ન સ્વરૂપના મનમોહક દર્શન થયા. હવન વિધિ, શ્રીફળ હોમ, આરતી અને નયનરમ્ય દર્શન થકી અલૌકિક વાતાવરણ સર્જાયું. અનન્ય ઉર્જાની અનુભૂતિ સાથે સર્વે જ્ઞાતિજનો પ્રફુલ્લિત થયા. ઊંડાણપૂર્વકનું

નિરંજનાબહેન ઉદેશચંદ્ર શાહ પરિવાર, મુંબઈના જય શ્રી કૃષ્ણ.

ભારતીબેન ભરતકુમાર શાહ (મીરા રોડ) પરિવારના જય શ્રી કૃષ્ણ.

આયોજન, ચોક્કસ અમલીકરણ અને ભાવવિભોર જ્ઞાતિજનોની સેવાથી શુભ કાર્ય સંપન્ન થયું. અદ્‌ભુત ઉત્સાહથી સેવા આપનાર સૌ જ્ઞાતિજનોનો ખુબ આભાર. ફૂલ-પાન મનોરથની ઝલકનો વીડિયો યુટયૂબ (You Tube) ઉપર આ સાથે આપેલ લિંકનો ઉપયોગ કરી નિહાળી શકાય છે. https://www.youtube.com/watch?v=dn9vzx-h1yI

